જાન્યુઆરી-૨૦૨૪

# પેન્શનર્સ પ્રકાશ

Dear Friends,

When I am penning this Editorial, there is a chill in the air. Early morning and late evening walksenergise us and infuse "life" into our lives!

Winter is the season that gives us an opportunity to rejuvenate and reboot! This is the most important time of the year to look at our own health –Physical, Mental, Emotional &Spiritualparticularly forpeople likeus who have crossed 60.

While one feels like stretching a few more hours of sleep under the woollen quilt or lazingin the bed till the sun rises, we are letting past the opportunity to restore our health. Ancient wisdom says that those who leave their bed an hour before sunrise and do some physical exercise remain physically fit. They restore their appetite, bowel movement improves, mood perks up and ensure a good head start for the beautiful day ahead. So let us keep very active in the early morning with a good walk, light exercise – there are a few exceptions who are going to the gym and share their activities on Facebook too! -Pranayam& Yoga or even helping the wife or daughter-in-law to clean up the sofa, beds, dusting window panes or even preparing a good cuppa of energizing drink! Such unexpected help in domestic work will earn a lot of goodwill from the family. Try it out according to your choice or mental disposition. Maintaining physical health is the first step towards aholistic health improvement.

A good head start with physical exercise perks up the mood resulting in reduced irritability, controlled BP &sugar levels and also improvement in interpersonal relationship within the family in particular and our immediate circle of influence. This will ensure good mental health with reduced negativity andboost positive thoughts. A look in the mirror will confirm this as all your facial muscles will be relaxed to show an ear-to-ear smile. A new you will be before you!

As we grow older gracefully, we need to adopt a very detached view of life. We are all aware that death is inevitable and a reality that can't be wished away. So, a detached approach to life prepares us to be emotionally matured and keep us away from worries over mundane things. Keeping a detached approach doesn't mean that we should keep away from our own duties towards the family. Detachment is more of an attitude towards discharge of our worldly duties. Such an attitude will not perturb us in case the outcome of our efforts is not to our expectations.

The last but the most important is our spiritual health. The higher we go in our emotional journey, we will surely observe that  Nature sets the rules of life on this planetand we have to be in tune with it. Keen observation in the morning as to how certain plants, birds and animals respond to the day that unfolds for them, gives us assurance that Nature takes care of each one of us provided we are ready to trust, put faith in Nature or a higher power (whatever name we acknowledge that power by). This, I believe,  isthe beginning of our unending spiritual journey. There is no destination in this journey because it is experiential. Some call this "experienced" spiritual outcome as telepathy, some may call it synchronicity or some may even call it co-incidence. Each one of us has experienced such spiritual sparks in our state of heightened spiritual awareness and don't need further elaboration. Let us make a beginning on this journey by trusting the laws of Nature.

While talking of holistic health, we should not forget that our great organisation offers us a good safeguard against any financial loss in case our physical health deteriorates requiring hospitalisation followed by surgery etc. So let us be grateful for the same and keep our Health Insurance Policy B renewed at all timesso that we can claim the amount of expenses incurred in maintenance and restoration  of our physical health. Based on past experience, the Bank has

વર્ષ-૧૭ ● અંક : ૧
પ્રતિ અંક છૂટક કિંમત રૂ.૧૦/-
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૦/-

પ્રકાશન સ્થળ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન
એસબીઆઈ ઝોનલ ઓફિસ, ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

ensured change in the TPA by replacing Raksha TPA with Paramount TPA. Further, we have been offered choice of 4 medicine vendors of e-Pharmacy. Again based on the experience and feedback from our members, we had suggested URLIFE of Apollo Pharmacy as on-line vendor due to its better reach and service quality. Some of you may have chosen other vendors based on individual experiences. In case you experience any difficulty in dealing with any of the vendors you have chosen, please feel free to write to us directly or through your Regional Representatives of SBIPA. We are committed to bring about the required level of improvements in the quality of services rendered by these vendors. We are sure each one of you has, by now, renewed your policies.

We take this opportunity to wish you and your family a very happy, healthy and prosperous 2024.

**STOP PRESS NEWS:**

**1. The Bank has extended last date for renewal of Health Policy B till 31st January 2024.** The extended date will be for new registrations also. Those who have not renewed the policy or not registered for enrolment, can do so within the extended time limit. **We request our existing policy holders to persuade our retired Watch &Ward & Messenger staff to be part of this insured group by explaining to them the benefits.**

2. Payment of revised Pension effective from November 23 following increase in our pension from 40% of last drawn emoluments to 50% will be made shortly. We learn that efforts of the Bank is to pay revised Pension from January 2024 onward – and the arrears for November & December too.

3. The formality of signing the industry level MOU between IBA and the concerned organisationsis over and our pensioners can expect, as soon as possible, payment of ex-gratia every month in lump sum. It may be noted that since payment of ex-gratia will be applicable to all pensioners (irrespective of their date of retirement from the Bank), those who retired early will be eligible for higher ex-gratia amount than those who retired in the recent past.

**Cheers to our unity and unity of purpose!**

**Editor : Kamal Kadri**

---

પ્રિય મિત્રો,

શિયાળાની સવારની અનુભૂતિ કંઈક અનોખી હોય છે. હવામાં શીત લહેરો પ્રસરી હોય એવી વહેલી સવારે અને મોડી સાંજે ચાલવાથી આપણને ઉર્જા મળે છે, અને આપણા જીવનમાં નવીનઉર્જા ભેળવે છે!

શિયાળાની મોસમ આપણને કાયાકલ્પ કરવાની અને શરીરને સ્ફૂર્તીલું કરવાની તક આપે છે! આપણા સ્વાસ્થ્ય સુધારવાનો  સૌથી મહત્વપૂર્ણ સમય છે-શારીરિક, માનસિક, ભાવાત્મક અને આધ્યાત્મિક - ખાસ કરીને જે લોકો ૬૦ વર્ષ વટાવી ચુક્યા છે

જ્યારે આપણે હૂંફાળી રજાઈ હેઠળ થોડા વધુ કલાકો ઊંઘવાનું અથવા સૂર્યોદય થાય ત્યાં સુધી પથારીમાં આળોટતા રહેવાનું મન થાય છે, ત્યારે આપણે આપણા સ્વાસ્થ્યને પુન:સ્થાપિત કરવાની તકને જવા દઈએ છીએ. જે લોકો સૂર્યોદય પહેલાં પથારી છોડી દે છે અને થોડી શારીરિક રીતે કસરત કરે છે તેઓ શારીરિક રીતે સ્વસ્થ રહે છે. સારી ભૂખ ઉઘડે છે. આંતરડાની ગતિ સુધરે છે, મૂડ સારો થાય છે અને સુંદર દિવસ માટે સારી શરૂઆતના સંકેત આપે છે. તો ચાલો વહેલી સવારે ચાલવું અને, હળવી કસરત સાથે ખૂબ જ સક્રિય રહીએ - એવા થોડાં અપવાદો છે જેઓ જીમમાં જતાં હોય છે અને ફેસબુક પર પણ તેમની પ્રવૃત્તિઓ શેર કરતાં હોય છે! - પ્રાણાયમ અને યોગ અથવા પત્ની કે પુત્રવધુને સોફા, પથારી, કે ઘરનાં બારી-બારણાં અને રાચરચિલા ઉપર ધૂળ સાફ કરવામાં અથવા શક્તિવર્ધક પીણાંના કપ તૈયાર કરવામાં મદદ કરવી! આવા ઘરેલું કામમાં આવી અણધારી મદદ કરવાથી પરિવાર તરફથી સ્નેહ પણ મળશે. તમારી પસંદગી અથવા રૂચિ/સ્વભાવ અનુસાર તેને અજમાવી જુઓ. શારીરિક સ્વાસ્થ્ય જાળવવું એ સર્વગ્રાહી સ્વાસ્થ્ય સુધારણા તરફનું પ્રથમ પગલું છે.

શારીરિક વ્યાયામ સાથે સારી શરુઆત કરવાથી મૂડમાં વધારો થાય છે, જેના પરિણામે પ્રસન્નતા મળે છે. બી.પી. અને સુગર સ્તર નિયંત્રિત થાય છે. ખાસ કરીને કુટુંબમા સ્નેહભર્યા સંબંધોનું વાતાવરણ બને છે અને આપણાં વર્તુળમાંના લોકો સાથે પણ પ્રફુલ્લીત રહીએ છીએ. આનાથી નકારાત્મકતા ઓછી થાય છે અને સકારાત્મક વિચારોને વેગ આપવા સાથે સારું માનસિક સ્વાસ્થ્ય સુનિશ્ચિત થાય છે. આપણને તેનો અનુભવ થશે કારણ કે તમારા ચહેરાનાં તમામ સ્નાયુઓ કાનથી કાન સુધી સ્મિત બતાવશે.

જેમ જેમ આપણે સુંદર રીતે પ્રગતિ કરીએ છીએ તેમ, આપણે આપણાં જીવન પ્રત્યે ખૂબજ અલગ દૃષ્ટિકોણ

અજમાવવાની જરૂર છે. આપણે બધા જાણીએ છીએ કે મૃત્યુ અનિવાર્ય છે અને એક વાસ્તવિકતા છે જેને દૂર કરી શકાતી નથી. તેથી, જીવન પ્રત્યેનો અલગ અભિગમ આપણને ભાવનાત્મક રીતે પરિપક્વ બનવા માટે તૈયાર કરે છે. અને સાંસારિક બાબતોની ચિંતાઓથી દૂર રાખે છે. અલગ રહેવાનો અર્થ એ નથી કે આપણે પરિવાર પ્રત્યેની આપણી ફરજોથી દૂર રહેવું. ડિચેટચમેન્ટ એ આપણી દુન્યવી ફરજો નિભાવવા પ્રત્યેનું વલણ છે. જો આપણા પ્રયત્નોનું પરિણામ આપણી અપેક્ષાઓ મુજબ ન આવે તો આ પ્રકારનું વલણ આપણને વિચલિત નહીં કરી શકે.

છેલ્લું પણ સૌથી મહત્વનું આપણું આધ્યાત્મિક સ્વાસ્થ્ય છે. આપણે આપણી ભાવનાત્મક/આધાત્મિક યાત્રામાં જેટલા ઊંચા જઈશું, ત્યારે આપણે ચોક્કસ અવલોકન કરીશું કે કુદરતી રીતે પૃથ્વી ઉપર જીવનના નિયમો નક્કી કરે છે અને આપણે તેની સાથે તાલમેલ રાખવાનો છે. અમુક વનસ્પતિઓ, પક્ષીઓ અને પ્રાણીઓ દરરોજ ઉદ્‌ભવતા દિવસ માટે કેવી રીતે પ્રતિભાવ આપે છે. તેનું સવારે ઊંડું અવલોકન, આપણને ખાત્રી થાય છે કે કુદરત આપણાં દરેકની સંભાળ રાખે છે, જો આપણે વિશ્વાસ કરવા તૈયાર હોઈએ, કુદરતમાં વિશ્વાસ રાખીએ પછીએ ઉચ્ચ શક્તિને ગમે તે નામથી આપણે ઓળખીએ અને એ શક્તિને સ્વીકારીએ તો હું માનું છું કે, આપણી અનંત આધ્યાત્મિક યાત્રાની શરૂઆત છે. આ પ્રવાસમાં કોઈ ગંતવ્ય નથી. કારણ કે તે અનુભવ લક્ષી છે. કેટલાક આ 'અનુભવી' આધ્યાત્મિક પરિણામને આંતર સુઝ કહે છે, તો કેટલાક તેને સિક્રોનીસીટી કહી શકે છે અથવા કેટલાંક તેને આકસ્મિક પણ કહી શકે છે. આપણાંમાના દરેકે ઉચ્ચ આધ્યાત્મિક જાગૃતિની સ્થિતિમાં આવા આધ્યાત્મિક સ્થિતિનો અનુભવ કર્યો હશે. ચાલો કુદરત પર વિશ્વાસ રાખીને આ દિશા તરફ જવાની શરૂઆત કરીએ.

સર્વગ્રાહી સ્વાસ્થ્યની વાત કરતી વખતે આપણે એ ન ભૂલવું જોઈએ કે આપણી મહાન સંસ્થા આપણને કોઈપણ નાણાંકીય નુકસાન સામે સુરક્ષા પ્રદાન કરે છે. જો આપણું શારીરિક સ્વાસ્થ્ય બગડે અને શસ્ત્રક્રિયા વગેરે માટે હોસ્પીટલમાં દાખલ થવાની જરૂર પડે તો આ માટે નાણાંકીય અને તબીબી સારવાર અર્થે થનાર ખર્ચની મદદ પણ મળી શકે છે. તે માટે આપણે આપણી સંસ્થાના આભારી છીએ. ને આપણી આરોગ્ય વીમા પોલિસી 'બી'ને હંમેશાં સક્રિય રાખીએ. દર વર્ષે તેનું નવીનીકરણ કરવામાં આવે છે. જેથી કરીને આપણે આપણાં શારીરિક સ્વાસ્થ્યની જાળવણી અને સ્વાસ્થ્યની પુનઃસ્થાપનામાં થયેલા ખર્ચની રકમનું વળતર મેળવી શકીએ. ભૂતકાળના અનુભવના આધારે, બેંકે રક્ષા ટીપીએને **પેરામાઉન્ટ ટીપીએ** સાથે બદલીને ટીપીએમાં ફેરફાર કરેલ છે. વધુમાં ઈ-ફાર્મસીના ચાર દવા વિક્રેતાઓની પસંદગીની ઓફર કરવામાં આવી છે. ફરીથી આપણાં સભ્યોના અનુભવ અને પ્રતિસાદના આધારે, એપોલો ફાર્મસીના યુ-આર લાઈફને તેના વ્યાપ અને સેવાની ગુણવત્તાને કારણે ઓનલાઈન વેન્ડર તરીકે સુચવ્યું છે. તમારામાંથી કેટલાંકે વ્યક્તિગત અનુભવના આધારે અને અન્ય વિક્રેતાઓને પણ પસંદ કર્યા હશે. જો તમે પસંદ કરેલા કોઈપણ વિક્રેતાઓ સાથે વ્યવહાર કરવામાં તમને કોઈ મુશ્કેલી અનુભવાતી હોય તો કૃપા કરીને અમને સીધા અથવા એસબીઆઈપીએના તમારા પ્રાદેશિક પ્રતિનિધિઓને પત્ર દ્વારા નિઃસંકોચ જાણ કરો. અમે આ વિક્રેતાઓ દ્વારા આપવામાં આવતી સેવાઓની ગુણવત્તામાં જરૂરી સુધારાઓ લાવવા પ્રતિબદ્ધ છીએ. અમને ખાત્રી છે કે તમારામાંના દરેકે અત્યાર સુધીમાં, તમારી હેલ્થ પોલિસી 'બી'નું નવીનીકરણ કરી દીધું હશે.

નવા વર્ષ ૨૦૨૪ની તમને અને તમારા પરિવારને ખૂબ જ સુખ અને સ્વાસ્થ્ય અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.

**અગત્યની નોંધ : (૧) બેંક હેલ્થ પોલિસી 'બી'ના નવીનીકરણ માટેની છેલ્લી તા. ૩૧મી જાન્યુઆરી, ૨૦૨૪ સુધી લંબાવી છે. આ તારીખ નવા રજિસ્ટ્રેશન માટે પણ છે. જેમણે પોલિસી રિન્યુ કરાવી નથી અથવા નોંધણી માટે અરજી કરી નથી, તેઓ વધારેલા સમય મર્યાદામાં પોલિસી મેળવી શકે છે. અમે વર્તમાન પોલિસી ધારકોને આપણાં નિવૃત્ત 'વોચ એન્ડ વોર' અને મેસેન્જર સ્ટાફને લાભો સમજાવીને આ મેડીકલ પોલિસી 'બી'નો ભાગ બનવા માટે વિનંતી કરીએ છીએ.**

**(૨) આપણાં પેન્શનમાં છેલ્લે મળેલા ઈમોલ્યુમેન્ટના ૪૦% થી વધારીને ૫૦%નો થયેલો વધારો નવેમ્બર-૨૦૨૩થી અમલી બનેલ છે. તે પેન્શનની ચૂકવણી ટૂંક સમયમાં કરવામાં આવશે. અમારી જાણ મુજબ બેંકના પ્રયાસો થકી જાન્યુઆરી-૨૦૨૪થી સુધારેલું પેન્શન ચૂકવાઈ શકે છે અને નવેમ્બર અને ડિસેમ્બર માટેની બાકી રકમ પણ જાન્યુઆરીના પેન્શન સાથે ચૂકવાઈ જવાની સંપૂર્ણ સભાવના છે.**

**(૩) આઈબીએ અને સંબંધિત સંસ્થાઓ વચ્ચે ઔદ્યોગિક સ્તરના એમઓયુ થવાની ઔપચારિકતા પૂરી થઈ ગઈ છે અને આપણાં પેન્શનરોને શક્ય તેટલી વહેલી તકે, એ રકમ દર મહિને એક્ષગ્રેસિયાના રૂપમાં ચૂકવણીની અપેક્ષા રાખી શકે છે. નોંધનીય છે કે એક્ષગ્રસિયાની ચૂકવણી તમામ પેન્શનરોને લાગુ પડશે. (બેંકમાંથી એમની નિવૃત્તિની તારીખને ધ્યાનમાં લીધા વિના), જેઓ વહેલાં નિવૃત્ત થયા છે તેઓ તાજેતરના ભૂતકાળમાં નિવૃત્ત થયેલા લોકો કરતાં વધુ એક્ષગ્રેસિયાની રકમ માટે પાત્ર બનશે.**

**સંપાદક : કમાલ કાદરી**

## મંથલી મિટીંગ






એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશન-અમદાવાદ દ્વારા ડિસેમ્બર મહિનાની મંથલી મિટીંગ તા. ૨૦-૧૨-૨૦૨૩ના રોજ એસબીઆઇ એલએચઓ ખાતે યોજાઇ. આ મિટીંગમાં યોગાહાર એક્ષપર્ટ શ્રી રાજેશભાઇ પટેલ (ગ્રીન ડો.) દ્વારા નેચરલ ડાયટ સિસ્ટમ (**NDS**) પ્રાકૃતિક આહાર પદ્ધતિ (આહારનું એન્જિનિયરીંગ) દવા કે કસરત વગર રોગ કેવી રીતે મટાડી શકાય અને તંદુરસ્તમય જીવન જીવવા માટે જરૂરી માર્ગદર્શન અને પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું. લીલા પાંદડાઓનું આહારમાં મહત્વ અને આહારમાં બદલાવ દ્વારા ગમે તેવા રોગમાંથી મુક્તિ મેળવી શકાય છે. તે બાબતની સવિસ્તાર માહિતી આપી.આ મિટીંગમાં પેન્શનર્સ એસોસીએશનના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી સાથે ઉપપ્રમુખ સર્વશ્રી પી. જી. પારઘી, ચિંતક પટેલ. જો. જનરલ સેક્રેટરી સર્વશ્રી ગુણવંત પટેલ, કાન્તીલાલ પરમાર, અમદાવાદ મોડ્યુલના ડીજીએસ અમદાવાદ શ્રી મુકેશ દવે, ઓર્ગેનાઇઝ સેક્રેટરી શ્રી કે. વી. શાહ, કમિટી મેમ્બર્સ સર્વશ્રી એ. કે. બથવાર, અંબરીશ હાથી, જીકેશ પટેલ, રાજુભાઇ શાહ, આર. વી. મકવાણા, મહેન્દ્ર ચૌહાણ ઉપરાંત ખૂબ જ મોટી સંખ્યામાં પેન્શનર્સ મિત્રો ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ તાજેતરમાં પેન્શનર્સ માટે મળેલી મોટી સફળતાઓની વિસ્તૃત માહિતી આપી હતી. મેડીકલ 'બી' પોલિસીના ફાયદા ગણાવી તમામ સભ્યો દ્વારા પોલિસી લેવામાં આવે તે માટેનો અનુરોધ કર્યો હતો.





### SBI Pensioner's Association ની Whats App Chenal નો QR Code

**આ** QR Code Scan **કરી પોતાનાં મોબાઈલમાં જોઈનનું બટન દબાવવું. જેથી તમે આ ચેનલમાં સામેલ થઈ જશો. અને અમારા તરફથી મોકલવામાં આવતા દરેક મેસેજ/મેગેઝીન વિગેરે આપને ત્વરિત મળી જશે.**

### હેલ્થ પોલિસી 'બી'માં હોસ્પિટલમાં સારવાર અંગે જરૂરી માહિતી

નવા વર્ષ-૨૦૨૪થી હેલ્થ પોલિસી 'બી'માં રક્ષા ટીપીએની જગ્યાએ **પેરામાઉન્ટ ટીપીએ** સાથે ટાયઅપ થયેલ છે. હવેથી હોસ્પિટલમાં સારવાર અંગે નીચે જણાવેલ ઈ-મેલ આઈડી અને મોબાઈલ નંબર પર સંપર્ક કરવો.

**e-mail ID: Claim.intimation@paramounttpa.com**

**Mobile No. : 9987556701 Paramount TPA**

**મેડિકલ બીલ અંગે શ્રી પાર્થ પંડ્યા (આનંદ રાઠી)**

**Mobile No. : 9979913368**

**નો સંપર્ક કરવો. તેઓ એસબીઆઈ ઝોનલ ઓફિસ-આંબાવાડી ખાતે કાર્યરત છે.**

 **જો લોકો તમને જરૂરતમાં જ યાદ કરે તો ખરાબ ન અનુભવો પણ ગર્વ કરો કારણ કે અંધકાર હોય ત્યારે મીણબત્તી યાદ આવે છે.**

# વલસાડ મિટીંગ



તા. ૨૩-૧૨-૨૦૨૩ના રોજ વલસાડ મુકામે સ્ટેટ બેંકમાંથી રિટાયર્ડ થયેલ સભ્યોની મિટીંગ રાખવામાં આવી. જેમાં ૩૦૦ ઉપરાંત સભ્યોએ હાજરી આપી.

આ મિટીંગમાં એસબીઆઈપીના પ્રમુખશ્રી રમેશ ચોક્સી, સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઈસ પ્રેસીડેન્ટ શ્રી પી. જી. પારઘી, શ્રી વિકાસ સરાફ-એજીએમ, ડીજીએસ શ્રી રાજુ દેસાઈ આપણા માર્ગદર્શક શ્રી ભરતભાઈ ચૌહાણ અને કારોબારી સભ્યો સર્વશ્રી અશ્વિન રાઠોડ, જોરસંગ પરમાર, વગેરે હાજર રહ્યાં.

દીપ પ્રાગટ્ય કરી સભાની શરૂઆત કરવામાં આવી. સ્વાગત પ્રવચન શ્રી રાજુભાઈ દેસાઈ (ડીજીએસ) દ્વારા કરવામાં આવ્યું જેમાં તેમણે ભરૂચ, વલસાડ, વાપી વગેરે જગ્યાએ ડિસ્પેન્સરી તથા મેડીકલ ફેસેલીટી (દવાઓ અને લેબોરેટરી ટેસ્ટ)ની વ્યવસ્થા કરવા માટે રજુઆત કરેલ. એજીએમ શ્રી વિકાસ સરાફે પેન્શનર્સના પ્રશ્નો માટે તેઓનું મન મોકળું છે અને દરેક પ્રશ્નો માટે મને મળી શકો છો એમ જણાવ્યું.

શ્રી પી. જી. પારઘીએ વિશાળ સંખ્યામાં હાજર સભ્યો અને ખાસ કરીને બહેનોની બહોળી હાજરીની ખુશી વ્યક્ત કરી અને અમારી ટીમ આપના કાર્ય કરવા માટે સદાય તત્પર અને સક્ષમ છે. એમ જણાવ્યું.

શ્રી રમેશ ચોક્સી-પ્રમુખશ્રીએ જણાવ્યું કે આજના સમયમાં પ્રશ્નોના નિકાલ માટે મેનેજમેન્ટ હંમેશા હકારાત્મક અભિગમ રાખે છે. ઉપરાંત તેમણે જણાવ્યું કે આ ટીમના ચૂંટાયા બાદ પેન્શનર્સને મળવા પાત્ર લાભો મોટા પ્રમાણમાં અપાવી શક્યા છીએ. હજુ ૪૦% - ૫૦%નો ઈસ્યુ પણ ટૂંક સમયમાં ઉકેલાશે એવી આશા વ્યક્ત કરી.

શ્રી કમાલ કાદરી-સેક્રેટરીશ્રીએ આવેલ સભ્યોનું સ્વાગત કરીને ટૂંક સમયમાં મેડીકલ પોલિસી 'બી'ની શરૂઆત થશે ત્યારે







પોલિસીની અગત્યતા અને કવરેજ જોતાં મોટા પ્રમાણમાં આપણા પેન્શનર્સ મિત્રો આ પોલિસીનો લાભ લે એવો આગ્રહ કરેલ.

હાજર સભાસદોએ વલસાડ જિલ્લામાંથી કારોબારી સભ્ય તરીકે સર્વાનુમતે શ્રી એચ. જી. દેસાઈના નામની ભલામણ કરતાં સેક્રેટરીશ્રીએ હાજર સભાસદોને ખાતરી આપી કે અમો આપની લાગણીને ધ્યાને લઈ આ બાબતે યોગ્ય નિર્ણય લઈશું. સર્વેના આભાર દ્વારા મિટીંગ પૂર્ણ થઈ.

## ૬૩ વર્ષથી નીચેની વયના નિવૃત્ત મેસેન્જરો માટે બેંકમાં કરાર આધારીત નિયુક્તિ બાબત

એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનના અથાગ પ્રયત્નોના ફળ સ્વરૂપ અને એસોસીએશનની રજુઆતને ધ્યાનમાં લઈ આપણી બેંક દ્વારા નિવૃત્ત મેસેન્જર ભાઈઓ/બહેનો કે જેમની ઉંમર ૬૩ વર્ષથી ઓછી હોય અને જેમને બેંકમાં મેસેન્જર તરીકે કરાર આધારીત નોકરી કરવાની ઈચ્છા હોય તેવા તમામ મેસેન્જર મિત્રોએ તાત્કાલિક તેમની અરજી જનરલ સેક્રેટરી, એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન, ઝોનલ ઓફિસ, આંબાવાડી, અમદાવાદ ખાતે મોકલી આપવી. જેથી કરાર આધારીત નિયુક્તિ માટે આગળની કાર્યવાહી કરી શકાય.

# પેન્શનરો માટે હેલ્થ ઇન્સ્યોરન્સ પોલિસી બી માટે શ્રી કૃપાલ ભટ્ટ તથા આંખના રોગોથી બચવા ડો. પિયુષભાઈ ઉનડકટનું માર્ગદર્શન





એસબીઆઈ-રાજકોટ મોડ્યુલના ડીજીએમ શ્રી આશુતોષ શર્મા સાહેબ, એજીએમ શ્રી નિરજભાઈ જોશી શ્રી શંકર ઐયરજી, શ્રી અજય જોબનપૂત્રાજીની ઉપસ્થિતિમાં એસબીઆઈ તથા એસબીઆઈપીએના સંયુક્ત ઉપક્રમે આનંદમેળા રૂપી ભવ્ય મિટીંગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં એજીએમ શ્રી નિરજભાઈ જોશીએ મેડીકલ પોલિસીની ઉપયોગિતા પર ભાર મૂકી વધુને વધુ લાભ લેવા અનુરોધ કરેલ. ફેમિલી પેન્શનરોને આ અભિયાનમાં વધુ સામેલ કરવા અનુરોધ કરેલ. આંખ માટે જાગૃતિ કેળવવા સહીત એસબીઆઈપીએ દ્વારા કરાતી પ્રવૃત્તિઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા.

ડીજીએમ શ્રી શર્માસાહેબે સૌની સુખાકારી માટે નવા વર્ષની શુભકામનાઓ સાથે નિરોગી રહેવાની પ્રાર્થના કરી પોલિસી 'બી'માં સામેલ થઈ જવા તથા આંખના ડો. ઉનડકટ સાહેબ દ્વારા ફ્રી નિદાન ચેકઅપ માટેની જાહેરાતથી ખુશી વ્યક્ત કરી.

શ્રી કૃપાલભાઈ ભટ્ટ દ્વારા પોલિસી 'એ' 'બી', ટોપઅપ, સુપર ટોપઅપ, પ્રિમિયમ, બીલના પેમેન્ટમાં થતો સમય, કેશલેસ હોસ્પિટલમાં પડતી મુશ્કેલીઓ સહિત ડીજીએસ શરદ દવે દ્વારા રજુ કરાયેલ અનેક મુદાઓની છણાવટ કરી ઘણી માહિતી આપી. ત્યારબાદ પેન્શનરોના પ્રશ્નોના ખૂબ શાંતિ અને સરળતાથી જવાબ આપ્યાં.

ડો. ઉનડકટ સાહેબે આંખની તકેદારી રાખવા પ્રિવેન્શન પર ભાર મૂકી મોતિયો, ઝામર, વેલ, ડાયાબિટીસ અને કોરોનાની અસર ઉપરાંત નેત્રમણીના લેન્સના અલગ અલગ ભાવ પર પર વિશ્લેષણ કરી રજીસ્ટ્રેશન કરાવેલ પેન્શનરોને એક મહિનામાં પોતાની અદ્યતન હોસ્પિટલમાં ફ્રી ચેકઅપ કરી આપશે એવી જાહેરાત કરી તેમની પેન્શનરો પ્રત્યેની ભાવનાને વધાવી, ઉપરણા, ખેસ, પુસ્તક તથા બેંક તરફથી શ્રી દલાલ સાહેબના હસ્તે મોમેન્ટો પણ અર્પણ કરેલ.



એસબીઆઈપીએ રાજકોટ દ્વારા અનેક વિધ પ્રવૃત્તિઓને બિરદાવી ડીજીએમ શ્રી શર્મા સાહેબે ઓફિસની ફાળવણી કરતાં સૌએ ખુશી વ્યક્ત કરતા શ્રી દુષ્યતભાઈ માંકડ, કનેરીયાભાઈ તેમજ કે. જી. વણકર ભાઈએ એસબીઆઈપીએ વતી ઉપરણા, ખેસ, પુસ્તક તથા શાલથી અભિવાદન કરેલ.

શ્રી જીતેન્દ્ર ગણાત્રાએ ૧૦૦ આદરણીય વડીલનું શાબ્દિક સ્વાગત કરેલ. આ પ્રસંગે એસબીઆઈઓએના શ્રી પવન શર્મા તથા એમ્પ્લોઈઝ યુનિયનના શ્રી ચિંતનભાઈ માંડવીયા ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમને અંતે સી.એમ. (એચઆર) શ્રી હર્ષ દલાલ સાહેબે પેન્શનરોને એચઆરએમએસમાં મદદરૂપ થવા શ્રી કનુભાઈ ચાવડા સહીતની તેમની સમગ્ર ટીમ અવિરત પ્રયત્ન કરી રહેલ છે તેમ જણાવી કોઈ પણ પેન્શનર પરિવાર પોલિસીથી વંચીત ન રહે તે માટે અનુરોધ કર્યો હતો.



# રાજકોટ ખાતે યોજાયેલ એસબીએસ રીટાયરીઝ ફોરમ એન્યુઅલ કોન્ફરન્સ






સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર રીટાયરીઝ ફોરમની બીજી વાર્ષિક સાધારણ સભા રાજકોટ મુકામે તા.૧૭-૧૨-૨૦૨૩ના રોજ ફોરમના મુખ્ય કન્વિનરશ્રી બી. પી. જાગાણીના પ્રમુખ સ્થાને યોજવામાં આવેલ. જેમાં મુખ્ય મહેમાન તરીકે બેન્કીંગ ઈતિહાસના ટ્રેડ યુનિયનના તમામ સર્વોચ્ચ પદો શોભાવી ચૂકેલ મહારથી શ્રી જી. ડી. નડાફ, એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનના પ્રમુખશ્રી રમેશભાઈ ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલભાઈ કાદરી, ઉપપ્રમુખ સર્વશ્રી ચિંતકભાઈ પટેલ, પી.જી. પારઘી અને ફોરમના કન્વિનર શ્રી.પી.જે. શાહ, શ્રી રાજુભાઈ સરવૈયા, શ્રી એલ.સી. બોરડ, એસબીએસના ભૂતપૂર્વ ડાયરેક્ટર શ્રી જે. ડી. નકુમ સહિત એસબીઆઈ-પીએના ડીજીએસ શ્રી રાજેન્દ્ર સલોત અને ફોરમના વિવિધ વિસ્તારમાંથી આવેલ કન્વિનરો સહિત ગુજરાતના ખૂણે ખૂણેથી ૫૨૫ જેટલા સભ્યો હાજર હતા.

ફોરમના કન્વિનરશ્રી પી. જે. શાહ દ્વારા એસબીએસના વણઉકલ્યા પ્રશ્નો જેવા કે ૭૨ કરોડની રકમ જે બેંકના સ્ટાફ માટેની હતી તેના ઉપયોગ બાબત આરઈએમબીએસ સ્કિમ હેઠળ સુધારો, શ્રદ્ધાંજલિ યોજનાનું ફરી શરુ કરવા અને મેડીકલ સગવડતામાં સુધારો જેવા વણ ઉકલ્યા પ્રશ્નો બાબતે શ્રી જી.ડી. નડાફ તથા એસબીઆઈપીએના હોદ્દેદારોને વાકેફ કરી મેનેજમેન્ટ સ્તરે રજૂઆત કરી. પ્રશ્નોના નિરાકરણ માટે અનુરોધ કરેલ. તેને જવાબમાં શ્રી નફાફે અને એસબીઆઈપીએના પ્રમુખશ્રી રમેશભાઈ ચોક્સી અને શ્રી કમાલ ભાઈ કાદરી સેક્રેટરીશ્રીએ પુરતો સહકાર આપવા માટે આશ્વાસન આપેલ. શ્રી કમાલભાઈ કાદરીએ વધુમાં જણાવ્યું કે આ મુખ્ય પ્રશ્નોની યોગ્ય સ્તરે રજૂઆત થઈ ગઈ છે અને હજુ તે પરિપૂર્ણ કરવામાં તેઓ પાછી પાની નહિ કરે. શ્રી રાજુભાઈ સરવૈયાએ પેન્શનરોને પોતાના પ્રશ્નોના નિરાકરણ માટે તૈયાર રહેવા આહવાન કરેલ. શ્રી એલ. સી. બોરડે ગત વાર્ષિક સાધારણ સભાના અહેવાલનું વાચન કરી ફોરમ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓની માહિતી આપેલ. શ્રી એ. એમ. ચૌહાણ દ્વારા વાર્ષિક હિસાબોની માહિતી આપવામાં આવેલ.



આ પ્રસંગે શ્રી નડાફ સાહેબે પ્રવર્તમાન સ્થિતિમાં બેંકની હાલની પરિસ્થિતિની વિષદ છણાવટ કરી. સાથે સાથે એક્ષગ્રેસિયાની ચૂકવણી બાબતે પોતાની લાગણી વ્યક્ત કરીને કહ્યું કે આ પેન્શન અપડેશનને અડચણરૂપ પગલું છે.

પ્રમુખ સ્થાનેથી બોલતા શ્રી બી.પી. જાગાણીએ સર્વેને એક બની અરસપરસ મદદરૂપ થઈ ખાસ કરીને મોટી ઉંમરના અને અશક્ત સભ્યોને મદદરૂપ થવા આહ્વાન કરેલ. હવેની બાકી રહેલી જિંદગીને આનંદમય બનાવવાના સુત્રોની સમજ આપી હતી. રાજકોટના એસબીઆઈ પેન્શનર અને સેવાભાવી શ્રી અનુપમભાઈ દોશીનું તેમની અવિરત સમાજ સેવા બદલ સન્માન કરવામાં આવેલ.

શ્રી કે. સી. પંડ્યાએ સ્વાગત પ્રવચનમાં આભાર વ્યક્ત કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે શરદભાઈ દવે અને તેમની ટીમ દ્વારા કરેલ અથાગ મહેનત રંગ લાવી તે બાબત સર્વે રીટાયરીજનોના ચહેરા ઉપરની હર્ષની લાગણી દ્વારા ફળીભૂત થતું હતું.




અરિહંત ઓર્થોપેડિક હોસ્પિટલ અને
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સેન્ટર
DR. TEJAS GANDHI
M.S.ORTHO (Gold Medalist)
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
PIONEER IN M.I.C.RO KNEE SURGEON
FELLOWSHIP SGH Hospital, Singapore, Oxford University, UK
પ્રીમિયમ સાંધા
ગોલ્ડન સાંધા
ઓક્સિનિયમ સાંધા
સિરામીક સાંધા
૧૫,૦૦૦ થી પણ વધુ
ઘૂંટણ તથા થાપાના સફળ ઓપરેશન
PARTIAL KNEE REPLACEMENT
(UNICONDYLAR KNEE REPLACEMENT)
BENEFITS
•કુદરતી સાંધા નો બચાવ
•સાવ નાના ચેકા દ્વારા ઓપરેશન
•કુદરતી જીવનની અનુભુતી તેમજ લાંબા સમય માટે ટકાઉ
•ફક્ત ૨ દિવસ હોસ્પિટલ રોકાણ
DIRECTOR & HOD
Care & Cure Hospital, Maninagar
Khyati Multispecialist Hospital, SG Highway, Ahmedabad
SBI Pensioner માટે સંપૂર્ણ કેશલેસ સુવિધા ઉપલબ્ધ ફ્રિ કન્સલટેશન ફ્રિ એક્સરે
વધુ માહિતી માટે સંપર્ક કરો અમિત પટેલ ૭૫૭૨૯૩૬૧૯૦ ૮૨૩૮૧૩૬૧૯૦
અરિહંત હોસ્પિટલ ઉપનિષદ ૨૦૨/૨૦૩,સેકન્ડ ફલોર,
અંડર શ્રેયશ કોસિંગ ફલાયઓવર બ્રિજ,
માણેકબાગ સોસાયટી, આંબાવાડી, અમદાવાદ, ગુજરાત
www.drtejasgandhi.com



Eye-care Hospital
ફ્રી
આંખની
તપાસ
દર ગુરુવારે
SBI, eSBI ના પેન્શનર્સ તથા
તેમના કુટુંબીજનો માટે
( અદ્યતન સાધનો દ્વારા આંખની સોનોગ્રાફી સહીત )
PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
PRE ACCREDITED
• CATARACT • GLAUCOMA
• LASIK • RETINA
• CORNEA • OCCULOPLASTY
આઈ-કેર હોસ્પિટલના નિષ્ણાંત સર્જન
ડૉ. શશાંક રાઠોડ ડૉ. શ્યામલ રાવલ
ડૉ. આંશી રાઠોડ
સમય : સવારે 9.00 થી 12.00,
બપોરે 3.00 થી સાંજે 6.30 વાગ્યા સુધી
Eye-care Hospital
પોલીટેકનીક રોડ,
કેતવ પેટ્રોલ પંપની પાછળ,
અમદાવાદ- ૩૮૦૦૧૫
ફોન : ૯૮૨૪૦૮૬૬૧૧
www.eyecarehospital.org
www.eyecarelasikcentre.com

## DONATION

| PF NO | NAME | AMOUNT |
|---|---|---|
| 726591 | SUNITA DILIPBHAI PARIKH | 11001 |
| 712817 | SURESH SARPOTDAR | 10000 |
| 703362 | HARSHADKUMAR CHIMANLAL SHAH | 5555 |
| 433527 | ARVIND BHOGILAL THAKKAR | 5000 |
| 5216125 | ANIL TOSHINAWAL | 5000 |
| 5019384 | S. MIRZA | 4000 |
| 1737341 | YOGENDRA KESHAVLAL RAMI | 2500 |
| 5182484 | JETHALAL VADUKAR (ADVT) | 1500 |
| 1715097 | SHAMALBHAI KANJIBHAI MEWADA | 1111 |
| 739146 | KOSHADHIKARI SHRIDHAR VAIDYA | 1001 |
| 5182484 | JETHALAL VADUKAR | 1000 |
| 5182484 | JETHALAL GOVINDJI VADUKAR | 1000 |
| 1743252 | LAKHABHAI VASHRAMBHAI PATEL (13/111) | 1000 |
| 727598 | RAMANLAL SOMCHAND MODI | 1000 |
| 5182352 | CHINTAKBHAI PATEL | 1000 |
| 5175763 | ASHOK TRIVEDI | 730 |
| 2880970 | KANTILAL PARMAR | 555 |
| 729280 | HARSUKHLAL GOHEL (10/223) | 501 |
| 8264115 | BHAGWANJI B. MARVANIA | 500 |
| 3546136 | BISMILLAH MIYAN I. SHAIKH | 500 |

## પ્રભુશરણ

| પી.એફ.નં. | નામ | સેન્ટર | મોબાઈલ |
|---|---|---|---|
| ૭૦૫૬૮૩ | કલ્પનાબેન અશ્વિનભાઈ દેસાઈ (અશ્વિનભાઈ એચ. દેસાઈના પત્ની) | અમદાવાદ-મેમનગર | ૯૭૨૭૬૮૭૦૨૧ |
| ૪૨૮૦૫૧ | ચંદ્રિકાબેન સુભાષચંદ્ર શાહ (સ્વ. ૦૨-૦૧-૨૦૨૪) | નડિયાદ | ૯૭૩૦૦૧૭૧૨૧ |
| ૩૭૮૧૩૫ | કુસુમબેન નવનીતલાલ રાવલ (સ્વ.૦૨-૦૧-૨૦૨૪) | મહેસાણા | ૯૮૨૪૦૭૩૬૯૦ |
| ૭૩૫૯૫૭ | પુરૂષોત્તમભાઈ પી. ચૌહાણ (સ્વ. ૧૫-૦૧-૨૦૨૪) | અમદાવાદ | ૮૧૨૮૦૮૬૭૭૧ |
| ૭૦૮૭૨૦ | ભરતકુમાર મનુપ્રસાદ મહેતા (સ્વ. ૧૪-૦૧-૨૦૨૪) | અમદાવાદ | ૯૩૨૮૦૭૫૦૦૪ |
| ૭૦૪૯૧૧ | રવિન્દ્રનાથ બી. ચક્રવર્તી (સ્વ. ૧૪-૦૧-૨૦૨૪) | અમદાવાદ | ૯૧૦૬૬૮૭૦૦૧ |
| ૧૭૨૨૪૩૩ | બટુકભાઈ ઓ. સરવૈયા (બોસ) (સ્વ. ૧૯-૦૧-૨૦૨૪) | ભાવનગર | ૯૮૯૮૨૦૩૪૩૪ |




SANJIVANI
EYE HOSPITAL

203, Satved complex, Nr. Valu's Hospital, Nr. Golden Triangle, Naranpura, Ahmedabad – 380009
Rudra Complex, Opp Maniben Eye Hospital, Saraspur, Ahmedabad – 380013

Mobile No: 9824024764, 9228000011

WWW.SANJIVANIEYEHOSPITAL.COM

CATARACT / GLAUCOMA / LASIK / RETINA / CORNEA

FREE EYE CONSULTATION ON EVERY SATURDAY FOR SBI & E-SBI PENSIONERS AND THEIR MEMBERS

**10 Year SIP PERFORMANCE (SIP@10,000/- Month)**

| Scheme Name | Investment Value | Current Value | Return (%CAGR) |
|---|---|---|---|
| SBI Small Cap Fund | 12,00,000 | 42,33,416 | 24.14% |
| SBI Magnum MidCap Fund | 12,00,000 | 31,35,608 | 18.52% |
| SBI Contra Fund | 12,00,000 | 28,12,425 | 16.48% |
| SBI Large & Midcap Fund | 12,00,000 | 27,78,733 | 16.25% |
| SBI Magnum Global Fund | 12,00,000 | 26,52,377 | 15.37% |
| SBI Magnum Children Fund | | | |
| Invt Dt. 29/09/2020 | 1,00,000 | 2,42,000 | 48.91% |

AMARISH R SHAH (SBI RETIRED EMPLOYEE)
POOJA INVESTMENT & FINANCIAL CONSULTANCY
G/22,HEMKOOT BLDG.,NR. GANDHIGRAM RLY STATION, ASHRAM ROAD, AHD - 9.
(P) 079 - 26581394 (M) 9327008653 , 9978908869.
Contact for Mutual Funds, Company FDs, Capital Gain Bonds, Term Insurance & Medicalim.
*MUTUAL FUND INVESTMENT IS SUBJECT TO MARKET RISK.PLEASE READ OFFER DOCUMENT BEFORE INVESTING.

કમર,ગરદન,સાઈટિકા,ખભાનાં દુઃખાવા ની ઓપરેશન વગર સારવાર



ડો. હેમાક્ષી અંબાણી
એમ.બી. એમ.ડી
ઈન્ટરવેન્શનલ પેઈન ફિઝીશિયન
એક્સ આસી.પ્રોફેસર બી.જે મેડીકલ કોલેજ
ફેલો સી.પી.એમ.સી. એટલાન્ટા, યુ.એસ.એ.

કમર,ગરદન,સાઈટિકા, ખભાનાં દુઃખાવા ના નિષ્ણાંત

SHIVAM HOSPITAL (SINCE 1996)

Shivam Orthopaedic Hospital & Joint Replacement Centre
2 Chaitanya Society, opp. IIM New Gate, Vastrapur, Ahmedabad.
For Appointment Call Now - 9428595302 | 9428595303

## Sweet pearl

* Relationships never last because

of a Sweet voice or a beautiful face, the last because of a clean heart & true trust.

Let's maintan a clean heart & true faith in relationship.

* The best eyes are those who can see their short commings, 'Because' slip open's every day, but eyes sometime!

Let's look at the flaws in your self.

SBI

DENTAL CARE IMPLANT AND LASER CENTER

DR.DEVAL TRIVEDI

MDS PERODONTIST IMPLANTOLOGIST AND LASER SURGEON

ALL DENTAL TREATMENT AND FACILITES ARE AVAILABLE WITH ADVANCE TECHNOLOGY

Address:-9,ground floor,Primate Building,Opp.Mother Milk Palace, Judges bungalow road,bodakdev
Mobile no:- 9974367802
Clinc Timings:- Monday to Saturday 10:00 AM to 3:00 PM
*Sunday by appointments only. Email I'd:-drdevaltrivedi@gmail.com

NOTE:- FREE CONSULTATION FOR ALL SBI PENSIONERS and SBI EMPLOYEES
SPECIAL DISCOUNT ON ALL DENTAL TREAMENT FOR SBI PENSIONERS,SBI Employees AND THIER FAMILY MEMBERS,AHMEDABAD


સ્નાયુ ને કાપ્યા વગર (SubVastus) ની ટેકનિક ના ફાયદા
દુઃખાવો નહીવત
કસરતો સરળ અને દુઃખાવા રહિત
ઓપરેશન ના દિવસે જ ચાલી શકાય
WITH OVER 25+ Years EXPERIENCE
ડો. હેમાંગ બી. અંબાણી
એમ.બી. એમ.એસ
સીનિયર જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન
ફેલો એટલાન્ટા,ઈન્ડિયાના પોલીસ યુ.એસ.એ.
વુઝબર્ગ–જર્મની,બ્રેસિયા–ઈટાલી
MORE THAN 10,000 + SURGERIES
ડો.અમીર સંઘવી
જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન
ફેલો ઓસ્ટ્રેલીયા, યુ.એસ.એ, યુ.કે
ડો.ચિરાગ પટેલ
જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન
ફેલો ઓસ્ટ્રેલીયા સીડની
ડો.અતીત શર્મા
જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન
ફેલો બેલ્જીયમ, સીંગાપુર, જર્મની, યુ.એસ.એ
SHIVAM HOSPITAL (SINCE 1996)
Shree Orthocare
Strength in togetherness
KD Hospital
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ
E-mail : hemang.ambani@gmail.com
Website : www.hemangambani.com | www.shivamhospitalinfo.com | www.shreeorthocare.com
For Appointment Call Now - 9428595302 | 9428595303

# પેન્શનર્સ એસોસીએશનની કારોબારી કમિટીની મિટીંગ ભાવનગર ખાતે યોજાઈ ગઈ




એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશનની કારોબારી કમિટીની મિટીંગ તા. ૦૭-૦૧-૨૦૨૪ના રોજ સ્ટેટ બેન્ક લર્નીંગ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર, ભાવનગર ખાતે વિવિધ એજન્ડા મુજબ યોજાઈ. એસબીઆઇ પેન્શનર્સ એસોસીએનના પ્રમુખશ્રી આર. એન. ચોક્સી દ્વારા તમામ હોદ્દેદારો અને કમિટી મેમ્બર તથા આમંત્રીત મહેમાનો એસબીએસ ઓફિસર્સ એસોસીએશનના પૂર્વ ચેરમેન શ્રી બી. પી. જાગાણી, એસબીએસ ઓફિસર્સ એસો.ના લીડર શ્રી એલ.સી. બોરડ તેમજ વગેરેનું સ્વાગત કરીને એજન્ડા પ્રમાણે કાર્યવાહી કરવા માટે તેમજ મિટીંગના સંચાલન માટે જોઈન્ટ જનરલ સેક્રેટરી શ્રી કાન્તીલાલ પરમારને જણાવ્યું.




મિટીંગની શરૂઆત તા. ૨૪-૦૯-૨૦૨૩ના રોજ મળેલી કારોબારી કમિટીની મિટીંગ બાદ દિવંગત થયેલા આત્માની શાંતિ માટે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. ત્યારબાદ મિટીંગમાં તમામ એડમિન ઓફિસના ડેપ્યુટી જનરલ સેક્રેટરીઓએ તા. ૨૪-૦૯-૨૦૨૩ પછીની કામગીરી





તેમજ અહેવાલ રજૂ કર્યા. ખાસ કરીને ભાવનગરના શ્રી ભરતભાઈ ભટ્ટ દ્વારા ભાવનગરના આંગણે પધારેલ સહું હોદ્દેદારો અને કમિટી મેમ્બરનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું. આમંત્રિત મહેમાનોમાં ઉપસ્થિત શ્રી બી. પી. જાગાણી અને એલ. સી.બોરડ દ્વારા પ્રમુખશ્રી આર. એન. ચોક્સી અને જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી અને સમગ્ર ટીમની કામગીરીને બિરદાવી. ભાવનગરના એસબીએસ-યુનિયનના લીડર કોમરેડ જનાર્દનભાઈનો મેસેજ આપણા એસોસીએશનના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પી. જી. પારઘીએ હાઉસમાં વાંચી




સંભળાવ્યો હતો. એજન્ડા પ્રમાણે કાર્યવાહી શરૂ કરતાં પ્રમુખશ્રી આર. એન. ચોક્સી દ્વારા ૨૪-૦૯-૨૦૨૩ના મળેલ કારોબારી કમિટીની મિટીંગની મિનિટ્સ આવતી મિટીંગમાં રજુ કરવામાં આવશે. તેમ જણાવ્યું. જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ એસબીઆઇ મેડીક્લેઈમ પોલિસીમાં થયેલ સુધારા-વધારા તેમજ વધુમાં વધુ પેન્શનર્સ મિત્રો દ્વારા પોલિસી લેવા માટેનું આયોજન બાબત સવિસ્તાર માહિતી આપી. તદ્ઉપરાંત HRMS ઓનલાઈન પ્રિમિયમ ભરવા માટેની એસોસીએશન દ્વારા સુવિધા પૂરી પાડવાની રજુઆત કરી. વધુમાં વલસાડ અને સુરેન્દ્રનગરના કારોબારી સભ્યની ખાલી પડેલ જગ્યા પર સુરેન્દ્રનગર માટે શ્રી મહેશભાઈ પારેખ અને વલસાડ માટે શ્રી એચ. જી. દેસાઈના નામની વરણી માટે રજુઆત કરી તેને હાઉસે બહાલી આપી. સાથે પેન્શનર્સ એસોસીએશનમાં એકાઉન્ટીંગ માટે ટેલી સોફ્ટવેરને કાર્યરત કરવા માટેની વાત રજુ કરી તેને હાઉસે બહાલી આપી. જનરલ સેક્રેટરી






દ્વારા ફેડરેશન લેવલે તથા સર્કલ લેવલે થયેલ કામગીરીની વિસ્તૃત માહિતી આપી અને પડતર પ્રશ્નોના ઝડપી નિકાલ માટે યોગ્ય કાર્યવાહી કરવાની ખાત્રી આપી. આ સાથે જનરલ સેક્રેટરીએ રિપોર્ટ રજૂ કરી કારોબારીની બહાલી મેળવી. પેન્શનર્સ એસોસીએશનના ટ્રેઝરરશ્રી રવિ સોલંકી દ્વારા તા. ૨૪-૦૯-૨૦૨૩થી ૩૧-૧૨-૨૦૨૩ સુધીના હિસાબોની રજુઆત કરી. જેને હાઉસ દ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

સોશીયલ સર્વીસ વીંગના નેજા હેઠળ સામાજિક સેવા ગાંધીનગર, વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ અને અમદાવાદ એડમિન ઓફિસ દ્વારા કરવામાં આવેલી પ્રવૃત્તિ






અને ખર્ચ વિશેની મંજુરીની ચર્ચા કરી બહાલી આપવામાં આવી. અંતમાં પ્રમુખશ્રીએ આજની મિટીંગની સફળતા માટે તમામનો આભાર વ્યક્ત કર્યો અને સભા પૂર્ણ થઈ.

## અભિનંદન

### મેડિકલ 'બી' પોલિસીમાં સર્કલ લેવલે ઉત્તમ કામગીરી

પેન્શનર્સ/ફેમિલી પેન્શનર્સ માટે મેડિકલ પોલિસી 'બી'ના રિન્યુઅલ તેમજ નવીનીકરણ માટે બેંક દ્વારા ૧લી જાન્યુઆરીથી ૧૫મી જાન્યુઆરી સુધી ઈસ્યુ કરેલ સુચના મુજબ એચઆરએમએસ દ્વારા ઓનલાઈન પ્રક્રિયા કરવાની હતી. પેન્શનરોને અનુભવાતી મુશ્કેલીને ધ્યાનમાં લઈ અમદાવાદ ખાતે જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીના નેતૃત્વમાં સમગ્ર ટીમે અને વડોદરામાં પ્રમુખશ્રી આર. એન. ચોક્સીના નેતૃત્વમાં પ્રશંસનીય કામગીરી થઈ છે. સાથે બંનેના માર્ગદર્શન હેઠળ સુરત, ભાવનગર, રાજકોટ, ગાંધીનગર એડમિન લેવલની સાથે નાના-નાના સેન્ટરોમાં પણ એસબીઆઈપીએના હોદ્દેદારો, કમિટી મેમ્બર અને કાર્યકરો દ્વારા અવિરતપણે ઓનલાઈન રિન્યુઅલ તેમજ નવી પોલિસી માટે રાત-દિવસ તેમજ રજાના દિવસોમાં પણ કામ કરીને બેંક લેવલે અમદાવાદ સર્કલનું નામ ટોપ લેવલ પર ગુંજતું કર્યુ છે. રિન્યુઅલમાં અને નવી પોલિસીમાં પણ ૯૦% ઉપરનો લક્ષાંક સિદ્ધ કરીને ટોપ મેનેજમેન્ટ પેન્શનરોમાં અને અન્ય સર્કલના એસોસીએશનમાં પણ અમદાવાદ પેન્શનર્સ એસોસીએશનનું નામ રોશન થયું છે. આ કાર્ય માટે પોતાનું સંપૂર્ણ યોગદાન આપનાર તમામે તમામ કાર્યકરનો અમો દિલથી આભાર વ્યક્ત કરીએ છીએ અને ખૂબ ખૂબ અભિનંદન પણ પાઠવીએ છીએ, પેન્શનરો પણ આનંદની લાગણી અનુભવી રહ્યાં છે.




## અભિનંદન

આપણાં પેન્શનર્સ પરિવારના વડોદરાના કારોબારી સભ્ય શ્રી નરેશભાઈ શાહ ઉત્તરાયણના પર્વમાં ઘવાયેલા પક્ષીઓને ચિકિત્સા સહાયતા કરે છે. છેલ્લા દસ વર્ષથી આ કાર્યમાં અવિરત સેવાઓ આપે છે. તેમના આ ઉમદા, સેવાના કાર્યને પેન્શનર્સ પરિવાર દિલથી બિરદાવે છે અને અભિનંદન પાઠવે છે.



જો તમે દરેક પરિસ્થિતિમાં ખુશ છો તો તમે દુનિયાના સૌથી ખુશ વ્યક્તિ છો.

## ફેડરેશનની ગવર્નીંગ બોડી મિટીંગ-થિરૂવંથાપુરમ્ ખાતે







ફેડરેશન ઓફ એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનની ગવર્નીંગ બોડીની મિટીંગ તા. ૧૯-૦૧-૨૦૨૪ના રોજ થિરૂવંથાપુરમ્ ખાતે યોજાઈ. આપણા પેન્શનર્સ એસોસીએશનના પ્રમુખશ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરીશ્રી કમાલ કાદરી તથા વાઈસ પ્રેસિડેન્ટશ્રી ચિંતકભાઈ પટેલ મિટીંગમાં ભાગ લેવા થિરૂવંથાપુરમ્ પહોંચ્યા હતા.

ગવર્નીંગ બોડીની મિટીંગમાં ફેડરેશનના પ્રમુખ શ્રી જી. કે. ગાંધી, જનરલ સેક્રેટરી શ્રી દિપક બાસુ તથા અન્ય નેતાઓની સાથે ફેડરેશનના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને આપણા જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી ડાયસ પર નજરે પડે છે.






# PHOENIX HOSPITAL, NARODA

**55** Beds Multispeciality Hospital

**24** Beds Multidisciplinary Critical Care Unit

MODULAR & GENERAL Operation Theatre

SPECIAL & SEMI-SPECIAL Rooms

ALL SPECIALISTS Available



24 hr EMERGENCY

CASHLESS FACILITY AVAILABLE

SBI general · STAR Health

GIPSA PPN NETWORK

National Insurance · New India Assurance · Oriental Insurance · United India Insurance

**873 4900 444 | 873 4800 444**

EMERGENCY એટલે PHOENIX HOSPITAL

PHOENIX HOSPITAL, NARODA, AHMEDABAD (GUJARAT)

2nd & 3rd Floor, 239-252 and 323-325, City Center Arcade, Near SRP Campus, Naroda Patiya Highway, Krishnanagar, Naroda, Ahmedabad, Gujarat - 382 330.

***With Best Compliments***

***from***

## *Dr. Manjit Sing Bhalla*

**Dental Surgeon (B.D.S.)**

to

**SBI PENSIONER'S ASSOCIATION, AHMEDABAD CIRCLE**

**Bhalla Dental Clinic and Implant Centre**

2nd Floor Galaxy Mall,
Nehrunagar Char Rasta,Satellite Road,
Ahmedabad-380 015 Gujarat. INDIA

**E-mail :** msbhalla@drbhalla.com
**Tel. Clinic:**+91 79 26730407, 9033050240
**Resi. :** 91+91 79 26852946, 26852744

**(M) +91 9824193935 • Timings : 9.00 am 1.00 pm & 5.30 pm to 9.30 pm**

**Note : Free Consultation for All SBI Pensioners**




જે વ્યક્તિ સારું કામ કરે છે તે ક્યારેય આદરનો ભૂખ્યો નથી હોતો, તેનું કામ જ તેને સન્માનને પાત્ર બનાવે છે.


આંખોની શ્રેષ્ઠ સંભાળ એટલે
તેજ આઈ સેન્ટર
TEJ EYE
CENTER
THE EYE HOSPITAL
SBI, eSBI પેન્શનર્સ અને તેમના Spouse ને નિઃશુલ્ક કન્સલટેશન
તેમજ સંપૂર્ણ કેશલેસ સુવિધા ઉપલબ્ધ
અનુભવી
નિષ્ણાત ની ટીમ
આધુનિક ટેકનોલોજી
અને સુવિધા
આંખની તમામ સારવાર
એક જ છત નીચે
અમારી સેવાઓ
મોતિયા
ઝામર
રેટિના
ડાયાબિટીક રેટિનોપેથી
લેસિક (ચશ્માં ના નંબર ઉતારવાની સર્જરી)
કોર્નિયલ ટ્રાન્સપ્લાન્ટ
ડ્રાય આઈની સંભાળ
બાળકો ના આંખો ની સારવાર
દરેક પ્રકાર ના આંખો ની સારવાર
અમદાવાદની શ્રેષ્ઠ
આંખની હોસ્પિટલ
TOI હેલ્થ સર્વે
૨૦ વર્ષમાં
૫ લાખથી પણ વધુ
લોકોનો વિશ્વાસ
૫૦,૦૦૦ થી વધુ
સફળ મોતિયાના
ઓપરેશન
Google
4.8
1600+ Reviews
એપોઈન્ટમેન્ટ બુક કરવા માટે
77780 57500
www.tejeyecenter.com
ગાંધીનગર
વિજય ચાર રસ્તા
ચાંદખેડા
મોડાસા
Follow us





ખરાબ દિવસોનો એક ફાયદો છે, બધા સંબંધોની કસોટી થાય છે.


SBI | HOME LOANS
ટકાઉ ભવિષ્ય બનાવવામાં મદદ કરો, આજે જ!
તમારું પહેલું પગલું લો અમારી સાથે.
સોલાર રૂફટૉપ ફાઈનાન્સ સાથેની એસબીઆઈ હોમ લોન માટે અરજી કરો.
સ્પર્ધાત્મક વ્યાજ દર
કોઈ છુપા ચાર્જિસ નહીં
ઓછી પ્રોસેસિંગ ફી
સહાયતા માટે કૉલ કરો: 1800 11 2018 | અહીં મુલાકાત કરો: homeloans.sbi
Azadi Ka Amrit Mahotsav
આ ઉત્પાદન નીચે જણાવેલ એસડીજી સાથે જોડાયેલ છે અને સ્થાયી ભારત માટે યોગદાન આપે છે.
અમને અહીં ફૉલો કરો

Registered under RNI No. GUJBIL/2007/29606.
"Registrered under Postal Registration No. GAMC-1658/2021-2023 valid upto X31st December-2023 issued by the SSPO's, Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO, on 26th of every month."
Licensed to Post Wihout Prepayment No. PMG/NG/053/2021-23 valid upto 31/12/2023



# ડો. પ્રતાપ દેસાઈ આઈ હોસ્પીટલ

| ડો. પ્રતાપ દેસાઈ<br>M.S. (ઓપ્થોલમોલોજી) | ડો. હેમાક્ષી પી. દેસાઈ<br>M.S. (ઓપ્થોલમોલોજી) | ડો. સુરોહી શાહ<br>M.S. (ઓપ્થોલમોલોજી) |
|---|---|---|

રિટાયર્ડ સિનિયર મેડીકલ ઓફીસર, SBI, LHO, અમદાવાદ.

હવે નવા સરનામા ઉપર અત્યાધુનિક સુવિધા સાથે જુનો વિશ્વાસ

ક્લિનિક: ૨૦૧/૨૦૨, ક્ષિતીજ આર્ચ, આઈઓસી પેટ્રોલ પંપ પાસે, ગોલ્ડન ટ્રાયેન્ગલ સામે, સ્ટેડીયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

મળવાનો સમય : સવારે ૯.૩૦ થી ૦૧.૦૦ તથા સાંજે ૪.૦૦ થી ૭.૦૦
એપોઈન્ટમેન્ટ : (મો) ૯૩૧૬૫૬૫૧૫૦, ૦૭૯-૨૬૫૬૪૫૪૭

ચશ્માના નંબર લેજરથી ઉતારવા માટે : ક્લિયરવ્યુ લેસર સેન્ટર, સ્ટેડિયમ પ્લાઝા, યોગેશ ખમણ પાસે, સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪ ● સમય: સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ ● ફોન : ૭૯૪૮૪૬૦૨૦૨, ૯૭૨૫૪૪૭૩૭૩

ડો. પ્રતાપ દેસાઈ પણ SBIના જ પેન્શનર્સ છે. જેમણે અવિરત છેલ્લા ૩૨ વર્ષથી SBI પરિવાર માટે સિનિયર મેડિકલ ઓફિસર તરીકે નિ:સ્વાર્થ સેવાઓ આપેલ છે.

ડો. દેસાઈની આઈ હોસ્પિટલ રક્ષા ટીપીએ, એસબીઆઈ જનરલ ઈન્સ્યોરન્સ સાથે પ્રિમિયમ કેટેગરીમાં જોડાયેલ છે.
(PPN Hospital Networkના રેટ્સ અમારી સર્જરી માટે લાગુ પડતા નથી) SBI અને e-SBI પેન્શનર્સ અને તેમના સ્પાઉઝને નિ:શુલ્ક કન્સલ્ટેશન

● એસબીઆઈ એમ્પ્લોઈઝ માટે ખાસ ●
સુવિધા કેસલેશ જેવી, લેન્સ ઉચ્ચતર ગુણવત્તાવાળો, કેસલેસ ક્લેઈમમાં લિમિટ હોવાથી લેન્સની ગુણવત્તામાં લિમિટ આવતી હોય છે. Reimbursementમાં કેસલેસની વધુ સુવિધાઓ

**મંથલી મિટીંગ :** ફેબ્રુઆરી માસની મંથલી મિટીંગ તા. ૨૧/૦૨/૨૦૨૪ના રોજ બુધવારે બપોરે ૩.૩૦ કલાકે, બીજો માળ, સ્ટાફ કેન્ટીન, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, લોકલ હેડ ઓફિસ, ભદ્ર અમદાવાદ ખાતે યોજવામાં આવશે. અમદાવાદના તમામ પેન્શનરોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ છે.

સભ્યો માટે સંપર્ક સ્થળ : એસબીઆઈ ઝોનલ ઓફિસ
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ (સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૬ સુધી)
e-mail: gujpension@gmail.com ● whatsapp no. 99982 65158 આ વોટ્સએપ નંબર ઉપર માત્ર મેસેજ કરવો કોલ કરવો નહિં.
President - R. N. Choksi : 7600978838 (Vadodara) General Sec. - Kamal Kadri: 9825578619

The Views expressed in the articles/write ups in the magazine are not necessarily those of the Association / Editorial Board. Readers will please refer to the concerned writers / Authors as to the authenticity of facts/ figures.

The advertisement in the magazine are only commercial ones and don't confer any assurances/ recommnedations from the part of the Association and its office-bearers/ Editorial Board members. Readers may make any transactions with them only after their independent enquiries.

**પેન્શનર્સ પ્રકાશ ● વર્ષ - ૧૭ ● અંક : ૧ ● પ્રકાશન તા. ૨૬-૧-૨૦૨૪**
**Printed & Published by :** Kamal Kadri on behalf of State Bank of India Pensioners' Association & **Printed at : Print Vision,** Near Central Bank of India, Ambawadi Bazar, Ahmedabad-380006.
**Published from:** SBI Zonal Office, 3rd Floor, C.N. Vidhayalay, Ambavadi, Ahmedabad-380015

Editor : Kamal Kadri Editorial Board : R. N. Choksi, Smt. Lalitha Iyer, Kantilal Parmar, Chintak Patel

If undelivered please return to :
● પ્રકાશન સ્થળ ●
**એસબીઆઈ ઝોનલ ઓફિસ**
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫